# શ્રીલંકાના વડાપ્રધાનના નિવેદનથી ઘેરો બનતો વિવાદ

કોલંબો,તા. ૭

શ્રીલંકાના વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ વિવાદાસ્પદ નિવેદન કરીને ભારે હોબાળો મચાવી દીધો છે. તેમના આ નિવેદનથી ભારતમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. વિક્રમસિંઘેએ કહ્યું છે કે, જો ભારતીય માછીમારો શ્રીલંકાના દરિયામાં ઘુસણખોરી કરશે તો તેમને ઠાર મારી દેવામાં આવશે. રાનિલ વિક્રમસિંઘેએ કહ્યું છે કે, કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જો કોઈ વ્યક્તિ તેમના ઘરમાં ઘુસણખોરી કરે તો તેને ઠાર મારી દેવામાં આવશે. ચેન્નાઈ સ્થિત એક સમાચાર ચેનલ થાનથી ટીવીને આપેલી મુલાકાતમાં વિક્રમસિંઘેએ કહ્યું છે કે, તેમની સરકાર માછીમારોના અધિકારોના સંદર્ભમાં એક સમજૂતિ ધરાવે છે. સમજૂતિ કરવાની ઈચ્છા અગાઉ પણ વ્યક્ત કરવામાં આવી હતી. શ્રીલંકન વડાપ્રધાને કહ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ તેમના ઘરમાં ઘુસણખોરી કરવાના પ્રયાસ કરે છે તો તેઓને ઠાર મારી દેવાનો અધિકાર છે. જો કોઈ વ્યક્તિ તેમને મારી નાંખવા માટે આવે છે તો કાયદામાં પોતાના રક્ષણની જવાબદારી રહેલી છે. માછીમારોના મુદ્દે તેમણે કહ્યું હતું કે, તેઓ ખુબ જ કઠોર વલણ ધરાવે છે. જાફનાના માછીમારોને માછીમારી માટેની મંજુરી આપવી જોઈએ. અમે તેમને રોકી શકવાની સ્થિતિમાં નથી પરંતુ અન્ય દેશોના માછીમારોને તેમના દરિયામાં તક અપાશે નહીં. ઉત્તરીય માછીમારોની આવકને લઈને અમે ગણતરી કરી રહ્યા છે. વિક્રમસિંઘેએ વધુમાં કહ્યું હતું કે, બંને દેશોના માછીમારો વચ્ચેનો મુદ્દો રહેલો છે જેથી બંને પક્ષોએ આને ઉકેલવો જોઈએ. ભારતીય માછીમારોને દરિયામાં તક મળવી જોઈએ નહીં. તમિળનાડુના માછીમારો અને



શ્રીલંકાના માછીમારો વચ્ચેનો મુદ્દો છે. શ્રીલંકન વડાપ્રધાને વધુમાં કબૂલાત કરી હતી કે, શ્રીલંકન નૌકા સેનાના ઈશારે નિર્દોષ માછીમારો ઉપર ગોળીબાર કરાયો હતો પરંતુ માનવ અધિકારનો કોઈ ભંગ થયો નથી. જ્યારે એલટીટીઈના લોકો હથિયાર ઉપાડી ચુક્યા હતા ત્યારે તેમને રોકવામાં આવ્યા હતા. વિક્રમસિંઘેનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ હાલમાં શ્રીલંકામાં છે. સુષ્મા સ્વરાજે તેમની યાત્રાના પ્રથમ દિવસે ગઈકાલે શ્રીલંકાના પ્રમુખ સાથે વાતચીત કરી હતી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૂચિત યાત્રાના સંદર્ભમાં માહિતી આપી હતી. છેલ્લા ૨૫ વર્ષની અંદર કોઈપણ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ યાત્રા રહેનાર છે. જો કે, રાનિલ વિક્રમસિંઘેના નિવેદનથી જોરદાર હોબાળો થયેલો છે. તમિળ માછીમારોના મુદ્દે રાનિલ વિક્રમસિંઘેના નિવેદનથી વિવાદ વચ્ચે આજે સુષ્માએ રાનિલ સાથે બેઠક યોજી હતી. તેમની સમક્ષ આ મુદ્દો પણ ઉઠાવ્યો હતો. વિદેશમંત્રી અન્ય મુદ્દાઓ ઉપર પણ વાતચીત કરનાર છે. સુષ્માએ આજે સમકક્ષ મંગલા સાથે પ્રતિનિધિસ્તરની વાતચીત કરી હતી.

**૧૩મી માર્ચથી મોદીની ઐતિહાસિક યાત્રા શરૂ**

## ૨૫ વર્ષ પૂર્વે રાજીવ ગાંધીએ શ્રીલંકાની મુલાકાત લીધા બાદ મોદી પ્રથમ વડાપ્રધાન : શ્રીલંકાને ઘણી બધી અપેક્ષા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શ્રીલંકાના ઐતિહાસિક પ્રવાસે રવાના થાય તે પહેલા શ્રીલંકાના વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ વિવાદાસ્પદ નિવેદન કરીને હોબાળો મચાવી દીધો છે. નરેન્દ્ર મોદી શ્રીલંકાની મુલાકાતે જવા ૧૩મી માર્ચે રવાના થનાર છે. ૨૫ વર્ષના લાંબાગાળા બાદ કોઈ ભારતીય વડાપ્રધાન પ્રથમ દ્વિપક્ષીય યાત્રાએ શ્રીલંકા પહોંચનાર છે. મોદીની યાત્રા બે દિવસની રહેશે. જેમાં ૧૩મી અને ૧૪મી માર્ચનો સમાવેશ થાય છે. છેલ્લે રાજીવ ગાંધીએ ભારત-શ્રીલંકા કરાર ઉપર હસ્તાક્ષર કરવા ૧૯૮૭માં આ દ્વિપની મુલાકાત લીધી હતી. તમિલ વર્ચસ્વવાળા ઉત્તરીય પ્રાંત અને પૂર્વીય પ્રાંતમાં ત્રિન્કોમાલીની મુલાકાત લેનાર મોદી પ્રથમ ભારતીય વડાપ્રધાન બનનાર છે. ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધો છેલ્લા ઘણા સમયથી સારા રહ્યા નથી. પહેલા રાજપક્ષેના અને હવે રાનિલ વિક્રમસિંઘેના નિવેદનથી વિવાદ થઈ ગયો છે. શ્રીલંકાના ટોપના નેતાઓ માની રહ્યા છે કે, મોદીની યાત્રાથી ઘણી બધી અપેક્ષાઓ શ્રીલંકાને રહેલી છે. દ્વિપક્ષીય સંબંધો નવી ઉંચી સપાટી ઉપર પહોંચી શકે છે. શ્રીલંકાની મુખ્ય તમિળ પાર્ટી તમિળ નેશનલ એલાયન્સના નેતા આર સમન્નથાનનું કહેવું છે કે, મોદીની યાત્રાથી ઘણી બધી અપેક્ષાઓ રહેલી છે. તેમણે કહ્યું હતું કે, આ યાત્રા ખુબ જ ફળદાયી રહેશે. શ્રીલંકન પ્રમુખ પણ ભારતની યાત્રા કરવા ઈચ્છુક છે. નવી શ્રીલંકન સરકાર ખાતરી આપી ચુકી છે કે, સમાધાનના મુદ્દે કોઈપણ પક્ષપાત વગર આગળ વધવામાં આવશે. એલટીટીઈ સામે યુદ્ધનું નેતૃત્વ કરનાર શ્રીલંકાના પૂર્વ સેના વડા અને રાજકીય નેતા ફોનસેકાનું કહેવું છે કે, મોદીની યાત્રાથી ખુબ ફાયદો થશે. શ્રીલંકાને સતત ટેકો આપવા બદલ તેઓએ આભાર માન્યો હતો. મોદીની યાત્રા અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, આ યાત્રા ખુબ લાંબાગાળા બાદ યોજાઈ રહી છે જેનું ખુબ મહત્વ રહેલું છે.

# ૪૫ ભારતીય માછીમારની પાકિસ્તાન દ્વારા અટકાયત

ઈસ્લામાબાદ, તા.૭

પાકિસ્તાની મરિન ફોર્સે આજે અરેબિયન દરિયામાં ક્ષેત્રિય દરિયાઈ સીમાનો ભંગ કરવા બદલ ૪૫ ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી. પાકિસ્તાનની મેરિટાઈમ સિક્યોરિટી એજન્સી દ્વારા ભારતીય માછીમારોની અટકાયત કરવામાં આવી છે. આ લોકો પાકિસ્તાની દરિયામાં પહોંચી ગયા હતા. અટકાયત કરવામાં આવ્યા બાદ તમામ ભારતીય માછીમારોની બંદર શહેર કરાંચીમાં સ્થાનિક પોલીસને હવાલે કરી દેવામાં આવ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, આ તમામ લોકોને પોલીસને હવાલે કરી દેવામાં આવ્યા છે. માછીમારોને મોડેથી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા બાદ જેલ ભેગા કરી દેવામાં આવ્યા હતા. બંને દેશો દ્વારા આ પ્રકારની ધરપકડ વારંવાર કરવામાં આવે છે. અરેબિયન દરિયામાં મેરિટાઈમ બોર્ડરની પરિભાષા સ્પષ્ટરીતે નક્કી કરવામાં આવી નથી જેથી વારંવાર એકબીજાના માછીમારો એકબીજાની હદમાં ઘુસી જાય છે. ઘણી ફિશિંગ બોટ પણ કબજે કરવામાં આવે છે. આ ફિશિંગ બોટમાં ટેકનોલોજી પણ દેખાઈ રહી નથી જેના કારણે તેમના ચોક્કસ સ્થળની ખાતરી થઈ શકતી નથી તેના લીધા આવા બનાવ બનતા રહે છે. તેમની જેલની અવધિ પુરી થઈ ગયા બાદ પણ ઘણા માછીમારોને જેલમાં રહેવાની ફરજ પડે છે. કારણ કે ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજદ્વારી સંબંધો પણ ખુબ નબળા રહેલા છે.

સત્તાવાર જરૂરિયાતો પુરી કરવામાં ખુબ જ સમય લાગે છે. બે પરમાણુ સક્ષમ દેશો વચ્ચેના સંબંધો હાલમાં જ તંગ બન્યા હતા. કારણ કે સરહદ ઉપર પાકિસ્તાની સૈનિકો દ્વારા વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગયા મહિનામાં જ પાકિસ્તાને ૧૭૨ ભારતીય માછીમારોને શુભેચ્છા પહેલના ભાગરુપે મુક્ત કર્યા હતા. પાકિસ્તાનની કસ્ટડીમાં હજુ પણ ૩૪૯ ભારતીય કેદીઓ હોવાના અહેવાલ મળી ચુક્યા છે. જાન્યુઆરી મહિનામાં પાકિસ્તાની મેરિટાઈમ ફોર્સે ૩૮ ભારતીય માછીમારોની અટકાયત કરી હતી. કારણ કે તેઓ પાકિસ્તાની દરિયામાં ઘુસી ગયા હતા.

**નિર્ભયા દસ્તાવેજી ફિલ્મ વિવાદ**

# ડિફેન્સ વકીલની પાસેથી સ્પષ્ટીકરણની માંગ થઈ

નવીદિલ્હી, તા.૭

નિર્ભયા દસ્તાવેજી ફિલ્મને લઈને ભારે હોબાળો મચેલો છે. સરકારે કઠોર પગલા લેવા સંકેત આપી દીધા છે ત્યારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ વર્ષ ૨૦૧૨ના દિલ્હી ગેંગરેપ કેસમાં ચાર અપરાધીઓના ડિફેન્સ વકીલોને કારણદર્શક નોટિસ ફટકારીને તેમની પાસેથી ખુલાસાની માંગ કરવામાં આવી છે. સુપ્રીમમાં આક્રમક નિવેદનો કરવા બદલ ખુલાસો માંગવામાં આવ્યો છે. એમએલ શર્મા અને એપી સિંહને બીસીઆઈ દ્વારા ખુલાસો કરવા ત્રણ સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે. તેમના સૂચનો બદલ તેમની સામે કાર્યવાહી કેમ થવી જોઈએ નહીં તે અંગે ખુલાસો કરવા કહેવામાં આવ્યું છે. દસ્તાવેજી ફિલ્મમાં ચાર અપરાધીઓના ડિફેન્સ વકીલ તરીકે આ બંને નજરે પડી રહ્યા છે જે ઈન્ટરવ્યુ દરમિયાન મહિલા સામે વાંધાજનક સૂચનો કરે છે. બીબીસી દસ્તાવેજી ફિલ્મમાં કરવામાં આવેલા સૂચનો બદલ શર્મા અને એપી સિંહને નોટિસ ફટકારવામાં આવી છે. બીસીઆઈના ચેરમેન મનન કુમારે આ મુજબની માહિતી આપી છે. કારોબારીની બેઠક મળી હતી જેમાં જાણવા મળ્યું હતું કે, આ વકીલો સામે પ્રોફેશનની દૃષ્ટિએ ગેરઆચરણનો કેસ બને છે. બીસીઆઈએ હવે ખુલાસાની માંગ કરી છે.

કોર્ટના આદેશનો પણ ભંગ કરવામાં આવ્યો છે. બીબીસી દસ્તાવેજી ફિલ્મમાં શર્માએ એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, જો યુવતીઓ યોગ્ય સુરક્ષા વગર બહાર નિકળશે તો આ પ્રકારના બળાત્કારના બનાવો બનતા રહેશે.

**પુડુચેરી પ્રદેશ કોંગ્રેસ સમિતિની માંગણી**

# રાહુલને કારોબારીના પ્રમુખ તરીકે ચાર્જ સોંપવા માંગણી

પુડુચેરી, તા.૭

પુડુચેરી પ્રદેશ કોંગ્રેસ કમિટિએ આજે એઆઈસીસી કારોબારી પ્રમુખ તરીકે ચાર્જ લેવા પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને અનુરોધ કર્યો હતો. પક્ષના હિતમાં આગળ વધવા માટે પણ રજૂઆત કરવામાંઆવી છે. પીસીસીના પ્રમુખ એવી સુબ્રમણ્યમે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, ગાંધી અનુભવી નેતા છે અને યુવા શક્તિના ચેમ્પિયન પણ છે જેથી એઆઈસીસીના કારોબારી પ્રમુખ તરીકે તેમની નેતાગીરી મદદરુપ બનશે. નિચલા સ્તરથી પક્ષમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમના માર્ગદર્શનથી પાર્ટી વધુ મજબૂત થશે. તેમણે દાવો કર્યો હતો કે, પીસીસી દ્વારા એઆઈસીસીના કારોબારી પ્રમુખની જવાબદારી રાહુલ ગાંધીને સોંપવાની રજૂઆત કરી દેવામાં આવી છે. સુબ્રમણ્યમનું કહેવું છે કે, ભાજપના નેતૃત્વમાં એનડીએ ખોટા વચનો આપીને સત્તા ઉપર આવી છે. એવી ખાતરી પણ આપવામાં આવી હતી કે, વિદેશી બેંકોમાં રહેલા કાળા નાણાંને પરત લાવવામાં આવશે પરંતુ હજુ સુધી આવી કોઈ સ્થિતિ દેખાઈ રહી નથી. તેમણે કહ્યું હતું કે, એઆઈસીસીના જનરલ સેક્રેટરી મુકુલ વાસનીક સાથે હાલમાં જ દિલ્હીમાં આ મુદ્દે ચર્ચા થઈ હતી. રાહુલ ગાંધીને એઆઈસીસી કારોબારી પ્રમુખ બનાવવામાં આવે તેવી રજૂઆત અગાઉ કરાઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, તેઓ રજૂઆત કરી ચુક્યા છે. રાહુલ ગાંધીને કોંગ્રેસ પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવા છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સભ્ય પી કનનની અવગણના કરવામાં આવી ચુકી છે જે કોંગ્રેસ પાર્ટી સામે વિરોધાભાષી સૂચનો કરી ચુક્યા છે. એઆઈસીસી કારોબારી પ્રમુખ તરીકેની રાહુલ ગાંધીને જવાબદારી સોંપવાને લઈને ચર્ચા હવે વધુ તીવ્ર બની ગઈ છે. રાહુલ ગાંધી દ્વારા હજુ સુધી આ સંદર્ભમાં કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# આરોગ્યની ચકાસણી બાદ અંતે રાજનાથને રજા મળી

નવીદિલ્હી, તા.૭

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને હેલ્થ ચેકઅપ માટે આજે ગુડગાંવની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૬૩ વર્ષીય રાજનાથસિંહને આજે સવારે મેદાંત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. જો કે, મોડેથી તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. રાજનાથના નજીકના સૂત્રોએ કહ્યું છે કે, તેમની તબિયત બિલકુલ સુધારા પર છે.

ચાર કલાક સુધી તબીબી ચકાસણી કરવામાં આવ્યા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. હવે તેઓ બિલકુલ સ્વસ્થ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આરોગ્યની ચકાસણી રાજનાથસિંહ નિયમિતપણે કરાવતા રહ્યા છે. કામના વધુ દબાણ અને અન્ય કારણોસર પણ તેમની ચકાસણી થઈ છે. ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ગૃહમંત્રાલયનો હવાલો સંભાળતા રાજનાથસિંહે મહત્વપૂર્ણ ગૃહ ખાતુ મે ૨૦૧૪થી સંભાળેલું છે. ગૃહમંત્રીએ થોડાક મહિના અગાઉ આવી જ આરોગ્યની ચકાસણી કરાવી હતી.

# કોઈ પણ વનડે સદી વગર મિસ્બાહના ૫,૦૦૦ રન

ઓકલેન્ડ,તા. ૭

પાકિસ્તાનના કેપ્ટન મિસબાહ ઉલ હકે આજે તેની વન ડે કેરિયરમાં ૫૦૦૦ રન પુરા કરી લીધા હતા. મિસબાહ દુનિયાનો એવો પ્રથમ ખેલાડી બન્યો છે જે ખેલાડીએ કોઇ પણ વ્યક્તિગત સદી કર્યાવગર ૫૦૦૦ રન પુરા કર્યા છે. આજે મેચ રમાય તે પહેલા મિસબાહે ૧૫૯ મેચમાં ૪૯૯૩ રન કર્યા હતા. અને તેને ૫૦૦૦ રનની સિદ્ધી મેળવી લેવા માટે માત્ર સાત રનની જરૂર હતી. આજે મિસબાહે ઓકલેન્ડમાં આફ્રિકા સામે આ સાત રન કરીને સિદ્ધી મેળવી લીધી હતી. મિસાબાહે વન ડે ક્રિકેટમાં ૧૬૦ મેચો હવે રમી



છે પરંતુ એક પણ સદી કરી નથી. તેનો ટોપ સ્કોર અણનમ ૯૬ રનનો રહ્યો છેય. મિસબાહે ટેસ્ટ ક્રિકેટમાં ૫૧ ટેસ્ટમાં આઠ સદી અને ૨૬ અડધી સદી કરી છે. તેનો ટેસ્ટમાં દેખાવ શાનદાર રહ્યો છે. તેની સરેરાશ પણ ૫૦થી ઉપરની રહી છે. જ્યારે વનડેમાં તે પ્રમાણમાં નબળો રહ્યો છે. વનડેમાં તે ૪૩ રનની સરેરાશ સાથે રન કરી શક્યો છે. આજની મેચ પાકિસ્તાન માટે ખુબ ઉપયોગી રહી હતી.

પાકિસ્તાની સ્ટાર ખેલાડી મિસબાહે ૨૭મી એપ્રિલ ૨૦૦૨ના દિવસે તેની પ્રથમ વન ડે મેચ રમી હતી. જો કે તે સતત પાકિસ્તાન તરફથી ત્યારબાદ રમતો રહ્યો છે. પાકિસ્તાનની ટીમ વર્લ્ડ કપમાં ખરાબ દેખાવ કરી રહી છે પરંતુ વ્યક્તિગત ખેલાડી તરીકે મિસબાહ શાનદાર દેખાવ કરી રહ્યો છે. તેની ચારેબાજુ ટિકા થઇ રહી છે પરંતુ તે વ્યક્તિગત રીતે તમામ ખેલાડી કરતો સારો દેખાવ વર્લ્ડ કપમાં કરી રહ્યો છે.

# મુલાયમની તબિયત હવે બિલકુલ સુધારા ઉપર છે

લખનૌ, તા.૭

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે માહિતી આપી હતી કે, તેમના પિતા અને સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવની તબિયત બિલકુલ સુધારા ઉપર છે. તેઓ હવે ઝડપથી સ્વસ્થ થઈ રહ્યા છે. શુક્રવારે રાત્રે મુલાયમસિંહ યાદવને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અખિલેશે તેમના શુભેચ્છકોનો આભાર માન્યો છે અને કહ્યું છે કે, નેતાજીની તબિયત સુધારા પર છે. મુલાયમસિંહને શુક્રવારે મોડી રાત્રે ગુડગાંવની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. શ્વાસ લેવામાં તકલીફ અને અસ્વસ્થ હોવાનો અનુભવ થયા બાદ તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. ૭૫ વર્ષીય મુલાયમસિંહ યાદવને સંપૂર્ણપણે આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. સમાજવાદી પાર્ટીના પ્રવક્તા રાજેન્દ્ર ચૌધરી દ્વારા આ મુજબની માહિતી અપાઈ છે. આ સપ્તાહ અગાઉ પણ યાદવને સંજય ગાંધી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયંસમાં દાખલ કરાયા હતા જ્યાંથી તેમને કલાકોના ગાળા બાદ રજા અપાઈ હતી.

# ધુળેટીના પર્વની દેશમાં ભવ્ય ઉજવણી, હિસામાં બેના મોત


વારાણસી,તા. ૭

દેશભરમાં ધુળેટી પર્વની શાનદારરીતે ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી વચ્ચે દેશના કેટલાક ભાગોમાં હિંસાની ઘટના પણ બની હતી. જેના કારણે રંગમાં ભંગની સ્થિતી સર્જાઇ હતી. ઉત્તરપ્રદેશમાં હોળીના રંગમાં ભંગ ન પડે તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા છતાં એટા અને વારાણસીમા ધુળેટીના દિવસે હિંસા ભડકી ઉઠી હતી. જેમાં બે લોકોના મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. દેશના અન્ય ભાગોમાં શાંતિપૂર્ણરીતે ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી.રંગમાં ભંગ પડે તેવી બે ઘટના બની હતી. શુક્રવારની નમાજને ધ્યાનમાં લઈને પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી.જો કે દેશના અન્ય ભાગોમાંથી હિંસાના કોઈ સમાચાર મળ્યા નથી. દેશમાં રંગોની ધુમ જોવા મળી હતી. મહિલા સાથે છેડતીના મામલે વારાણસીમાં હિંસા થઈ હતી. વારાણસીમાં હિંસાના મામલે ૧૫ લોકોની સામે કેસ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# નરેન્દ્ર મોદી ઈન્ટરનેટ પર ૩૦ પ્રભાવશાળી લોકોમાં : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૭

વિશ્વના સૌથી લોકપ્રિય અને પ્રતિષ્ઠિત મેગેઝીન ટાઈમ્સની સૌથી પ્રભાવશાળી ૩૦ લોકોની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સામેલ કરવામાં આવ્યા છે. આ યાદીમાં અમેરિકી પ્રમુખ બરાક ઓબામા પણ સામેલ છે. આ યાદી તૈયાર કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. જેમાં સોશિયલ મિડિયા પર ફોલોઅર્સ, વેબસાઈટ પર હિટ અને



સમાચારોની બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. આ યાદીમાં હેરી પોટરની લેખિકા જેકે રોલિંગ અને ગાયિકા ટેલર સ્વીફટનો સમાવેશ થાય છે. મેગેઝીને કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટ્વિટર અને ફેસબુક પર આશરે ૩.૮ કરોડ ફોલોઅર્સ છે. જે દુનિયામાં અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને બાદ કરતા બીજા તમામ નેતાઓ કરતા વધારે છે. ટાઈમે કહ્યું છે કે કેટલાક સમકાલીન નેતાઓની જેમ મોદી પણ કબુલે છે કે ભારતની ૨૦ કરોડથી વધુની ઓલલાઈન વસ્તી સુધી પહોંચી જવા માટે સોસિયલ મિડિયાની ચાવીરૂપ ભૂમિકા રહી શકે છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકોની સાથે વાતચીત માટે હમેંશા સોશિયલ મિડિયાનો ઉપયોગ કરે છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ભારતની ઐતિહાસિક યાત્રા અંગે પણ મોદીએ સોશિયલ મિડિયા પર જાહેરાત કરી હતી. યાદીમાં લોકપ્રિય અભિનેત્રી કિમ કરદાશિયા, ગાયક જસ્ટીન બિબર, અભિનેત્રી ગ્વાઈનિથ પાલ્ટ્રો અને ગાયિકા શાકીરા પણ સામેલ છે. મોદી દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી ગયા વર્ષે મે મહિનામા સંભાળી લીધા બાદ સતત આગળ વધી રહ્યા છે. તેઓ વિશ્વભરમાં હવે શક્તિશાળી નેતા તરીકે ઉભરીને બહાર આવ્યા છે. ભારતની પ્રતિષ્ઠા વિશ્વના સ્તરે વધી છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા, અન્ય સેલિબ્રિટીઓ આ યાદીમાં સામેલ થઈ ચુકી છે.

આ યાદીમાં વિશ્વની સૌથી મોંઘી સિલિબ્રિટી કિમ કરદિશિયા, સાકીરા, ટેલર સ્વિફટ પણ સામેલ છે. નરેન્દ્ર મોદી અગાઉ વિશ્વની પ્રભાવશાળી લોકોની યાદીમાં સામલે થતા રહ્યા છે.ભારતમાં સોશિયલ મિડિયાનો ઉપયોગ નરેન્દ્ર મોદી વ્યાપક સ્તરે કરતા રહ્યા છે. લોકસભાની ચૂંટણી દરમિયાન પણ મોદીએ આનો વ્યાપક ઉપયોગ કર્યો હતો. ટ્વિટર અને ફેસબુક જેવી સોશિયલ નેટવર્કિંગ સાઈટો ઉપર પણ તેના કરોડોમાં ચાહકો છે.

**હાલમાં ઠંડી ચીજવસ્તુઓ ટાળવાની સલાહ**

# બદલાતી સિઝનમાં તકેદારી ખૂબ જરૂરી : નિષ્ણાંતનો મત

નવી દિલ્હી, તા.૭

ઠંડીની સિઝન સંપૂર્ણપણે દૂર થઈ નથી ત્યારે મોટાભાગના લોકોએ ઠંડી ચીજવસ્તુ ખાવાની શરૂઆત કરી દીધી છે જેના પરિણામ સ્વરૂપે બિમારીઓને આમંત્રણ મળ્યું છે. બદલાઈ રહેલા હવામાનમાં હાલ ખૂબ સાવધાની રાખવાની જરૂર ઊભી થઈ છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે હાલમાં કોલ્ડ્ડ્રીક્સ, ડ્રાક્સ, કેળા, આઈસ્ક્રીમ જેવી ચીજવસ્તુઓ નહીં ખાવાની સલાહ તબીબો આપી રહ્યા છે. આ તમામ ચીજવસ્તુઓ ઠંડીને આમંત્રણ આપે છે. બીજી બાજુ દહીં જેવી વસ્તુને હાલમાં ડાઈટમાં સામેલ નહીં કરવાની સલાહ પણ તબીબો આપી રહ્યા છે. ગળામાં જુદા જુદા ઇન્ફેક્શનના અહેવાલો પણ આવી રહ્યા છે. આના માટે લેમન ટ્રીનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. ગરમ પાણીમાં લીંબુ ભેળવીને તેનો ઉપયોગ કરવાથી ગળાની તકલીફ દૂર થાય છે. જો બાળકને પણ આવી જ તકલીફ ઊભી થઈ છે તો લીંબુ પાણીની સાથે સાથે તેમાં અન્ય ચીજવસ્તુનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. લીંબુની સાથે હની ઉમેરીને બાળકોને આપી શકાય છે. ઠંડીના દિવસો ગયા નથી ત્યારે પહેલાથી જ એકદમ ઠંડું પાણી નહીં પીવાની સલાહ પણ તબીબો દ્વારા આપવામાં આવી છે. ઠંડીના પરિણામ સ્વરૂપે જો કોઈ વ્યક્તિને શ્વાસ લેવામાં તકલીફ છે તો તેના માટે સ્ટીમ પ્રવાહ ખૂબ ઉપયોગી છે. ગરમ પાણીમાં અરોમાં ઓઈલ નાખીને તેના ઉપયોગથી રાહત મળે છે. શરદીના કારણે જો સમગ્ર શરીરમાં પીડા છે તો પેનકીલરનો ઉપયોગ નહીં કરવાની સલાહ તબીબો આપે છે. આના બદલે ગરમ પાણીનો ઉપયોગ કરવો જોઈએ. શરદીના કારણે પગમાં દુખાવો છે તો એવી સ્થિતિમાં પગમાં ગરમ વસ્ત્રો પહેરી રાખવાની સલાહ પણ આપવામાં આવે છે. આનાથી બ્લડ સરક્યુલેશનમાં વધારો થાય છે. નાના બાળકોને ડુગળીના રસથી રાહત મળે છે. હવામાનમાં ફેરફાર થવાથી ઘણી બિમારીઓને આમંત્રણ મળે છે આવી સ્થિતિમાં જરૂરી સાવધાની ખૂબ જરૂરી છે.

## સમાચાર ઝલક

- હોળીની ઝોળની દિશા જોતાં આગામી વર્ષે ચોમાસુ ભરપુર રહેશે : નિષ્ણાતોનો મત.
- બોર્ડની પરીક્ષામાં ખાનગી શાળા સંચાલક મંડળના સહયોગી વિદ્યાર્થીઓને પરીક્ષામાં માસ્ક અપાશે.
- ઊંઝા પાસે બ્રહ્માકુમારીના સેવકો પર મોડી રાત્રે ગોળીબારથી એક ઈજાગ્રસ્ત.
- અલંગ યાર્ડમાં એકસાઈઝ ડયુટીના મામલે પાંચ દિવસથી હડતાલ.
- તા. ૧લી મે એ ગુજરાત સ્થાપના દિને 'ગુજરાત ગૌરવ દિન' તાપી જિલ્લામાં ઉજવાશે.
- ગુજરાતમાં હોળીના પર્વમાં હજાર કિલોનું કપુરનું વેચાણ. ફકત ભાવનગરમાં ૧ હજાર કિલો કપુરનું વેચાણ.
- ભાવનગરના પાંચવડા ગામે શિવમંદિરમાં પ્રસાદ ઝેરી બન્યો. એકનું મોત અનેક બાળકોને અસર.
- સ્વચ્છતા અભિયાનમાં દાન આપનારને ટેક્ષમાં છુટ મળશે. સરકારની મંજુરી.
- પર્યાવરણને ભારે નુકશાન : માઉન્ટ એવરેસ્ટ પર માનવમળના ઢગલાથી વ્યાપક પ્રદુષણ થયેલ છે.
- આજે દેશના મોટા ભાગના વિસ્તારોમાં માવઠું થવાની શકયતા જોતું હવામાન વિભાગ.
- સેન્સર બોર્ડના કડક વલણથી ૧૫ જેટલી ફિલ્મો મંજુરી મળવામાં પડતર છે.
- વધુ પડતું મીઠું આરોગ્ય માટે ખરાબ પણ ચામડી માટે સારું.